NAVSARI AGRICULTURAL UNIVERSITY

**કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી, ગુજરાત –૩૯૬૪૫૦**

**યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ તેમજ સબ સેન્ટર ખાતેના તમામ મકાનોની છત ઉપર સોલર રૂફટોપ પેનલ લગાવવા માટેની માહિતી આપવા બાબત.**

# ::પરિપત્ર::

નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ તેમજ સબ સેન્ટરના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, આપના તાબા હેઠળ આવેલ તમામ મકાનો/કચેરીઓ/લેબોરેટરી ઉપર સોલર રૂફટોપ પેનલ લગાવવાની બાકી હોય તેવા તમામ મકાનો/કચેરીઓ/લેબોરેટરીના ટેરેસનો એરીયા(ખુલ્લી જગ્યાનું માપ) અને વીજ બીલની નકલ સ્કેન કરી આ સાથે સામેલ ફોર્મેટ મુજબ ફોર્મ ભરી હાર્ડકોપી તેમજ સોફ્ટકોપી (Email: sppatel@nau.in , ee@nau.in) ઉપર તા.૦૫-૦૭-૨૦૨૪ બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં બિનચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર ફોર્મ ભરવામાં મુશ્કેલી જણાય તો નીચે મુજબના કર્મચારીઓનો સંપર્ક કરી શકાશે.

| **અ.નં.** | **કર્મચારીનું નામ** | **સંપર્ક નંબર** | **ઇ–મેઇલ એડ્રેસ** |
|---|---|---|---|
| ૧. | શ્રી સુજીત.પી.પટેલ, ઇલેક્ટ્રિશિયન | Mo.9662500611 | sppatel@nau.in |
| ૨. | શ્રી મયુર ડી.પટેલ, રો. ઇલેક્ટ્રીક ઇજનેર | Mo.9510989932 | - |

**કાર્યપાલક ઇજનેર**

**જા.નં.નકૃયુ/કાઇ/બી–૭/૩૫૧૩/૨૦૨૪**
**તા.૦૩/૦૭/૨૦૨૪**

**નકલ સવિનય રવાના : (ઇ–પરિપત્ર મારફત )**

યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ /સબસેન્ટરના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ.

## Details of the Office

Name of The Office ……………………………………………………………………….

Address of the Office ……………………………………………………………..................

Village ………………........ Taluka …………………….... District ………………………...

Consumer No. ………………………….. Contract Load ……………………………………..

Available space on the terrace in (Square foot) ………………………………………………...

Name of Contact Officer ………………………………....... Mobile No. ……………………

Kindly attach copy of your electricity bill.

## સરકારી કચેરીમાં સોલર રૂફટોપ સિસ્ટમ બેસાડવા બાબત બાંહેધરી/ સહમતી પત્ર

આથી ગુજરાત સરકારશ્રીની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન સોલર રૂફટોપ સિસ્ટમ્સ અત્રેની કચેરી તરફથી બેસાડવામાં આવશે અને સદર સિસ્ટમ્સ થકી જે પાવર (ઇલેક્ટ્રિસિટી) ઉત્પન્ન થશે તેનો ઉપયોગ પોતાની કચેરીમાં જ કરવામાં આવશે તે અંગેની અત્રેથી બાહેંધરી આપવામાં આવે છે.

**આ ઉપરાંત પ્રોજેક્ટના હેતુ અનુસાર જરૂરી નીચે મુજબની સંમતિ આપવામાં આવે છે.**

૧. સોલર સિસ્ટમ્સ ની ક્ષમતા અનુસાર, ૧ કિ.વોટ દીઠ ૧૫૦ ચો.ફૂટ છાયા-રહિત ખૂલ્લી જગ્યા કચેરીની અગાશી ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨. છેલ્લા વીજ બીલ ની રકમ સ્થાનિક વીજ વિતરણ કંપનીને અત્રેની કચેરી દ્વારા ચૂકવેલ છે અને કોઇ રકમ વીજ બિલ પેટે ચૂકવવાની રહેતી નથી.

૩. આ ગ્રાહક નંબરમાં અગાઉ સોલર પાવર પોલીસી-૨૦૧૫ પહેલા અથવા ત્યાર બાદ સોલર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવેલ નથી.

૪. અગાશી ઉપર બેસાડેલ સોલર રૂફ ટોપ સિસ્ટમ્સની જરૂરિયાત મુજબ પખવાડિક / માસિક પાણીથી સાફ સફાઈ કરવાની વ્યવસ્થા રાખવામાં આવશે.

૫. સોલર રૂફટોપ સિસ્ટમ્સ કે તેનો કોઈ ભાગ ચોરી થાય કે નૂક્શાન થાય નહીં, તેની તકેદારી અને જવાબદારી લેવામાં આવશે અને મેન્ટેનન્સની સમ્પૂર્ણ જવાબદારી અમારી રહેશે. તેમજ કોઈ આકસ્મિક નુકશાન થશે, તો સ્વખર્ચે કરવામાં આવશે.

૬ . સરકારશ્રીના/ જેડાના અધિકૃત અધિકારીને કામ અર્થે આવવા/ જવાની મંજૂરી આપવામાં આવશે.

૭. ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગરની કચેરી ની પૂર્વ મંજૂરી સિવાય સિસ્ટમ્સમાં ફેરફાર કરવામાં આવશે નહીં, અને જો કોઈ ફેરફાર કરવાનો થશે તો સ્વખર્ચે કરવામાં આવશે.

૮. ઉત્પાદક તરફથી મેન્ટેનન્સ ૫ વર્ષ સુધી હોવાથી અત્રેની કચેરી (લાભાર્થી) તરફથી પ્રતિ ત્રિમાસિક અહેવાલ જરૂરી સૂચન સાથે પ્રમાણિત કરી આપવામાં આવશે.

૯. સોલર પ્રોજેક્ટને ગ્રીડ સાથે જોડવા માટે સ્થાનિક વીજ વિતરણ કંપની સાથે રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર કરાર કે જરૂરી દસ્તાવેજો અત્રેની કચેરીએ (લાભાર્થી) દ્વારા કરી આપવામાં આવશે.

૧૦. ઉત્પાદકને અત્રેની કચેરી તરફથી સોલર રૂફટોપ સિસ્ટમ્સ ઇન્ટોલેશન (મીટરનું જોડાણ તથા પહેલાનું) અને કમિશનીંગ (મીટરનું જોડાણ તથા પછીનું) પ્રમાણપત્ર આપવામાં આવશે.

૧૧. સદર પ્રોજેક્ટની મૂલ્યાંકન (Monitoring) જેડા કચેરી તરફથી કરવાનું હોવાથી જરૂરી જણાયતો ઇન્વર્ટરની નજીક ઇન્ટરનેટની સુવિધા અને કનેક્શન પોઇંટ અત્રેની કચેરી તરફથી કરી આપવામાં આવશે.

૧૨. ૫ વર્ષના મેન્ટેનન્સનો સમય ગાળો પૂર્ણ થયે સિસ્ટમની મેન્ટેનન્સની વ્યવસ્થા સ્વખર્ચે કરવામાં આવશે.

૧૩. ૫ વર્ષના સમય ગાળો પૂર્ણ થયે સિસ્ટમની ૨૫ વર્ષ ની લાઇફ સુધી સોલર સિસ્ટમને પાણીથી સાફ કરવાની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે.

૧૪. ૫ વર્ષના સમય ગાળો પૂર્ણ થયે સિસ્ટમની ૨૫ વર્ષ ની લાઇફ સુધી સોલર સિસ્ટમની સારસંભાળ તથા સુરક્ષાની સમ્પુર્ણ જવાબદારી અમારી રહેશે.

૧૫. સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવ્યા બાદ અત્રેની કચેરીના Dead Stock Register માં તેને સમાવેશ કરવામાં આવશે.

૧૬. અમારૂં વીજ બીલ જેના પર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવાની છે તે આ બાંહેધરી સાથે સામેલ કરેલ છે.

૧૭. આ ઓફિસની Shifting ની કોઈ પ્રક્રિયા હાલમાં ચાલુ નથી અને નવી બિલ્ડીંગ હાલમાં કોઈ બની રહી નથી.

કચેરી ના વડાનું નામ તથા સહી અને સિક્કો

તારીખઃ (કચેરી ના પ્રથમ વર્ગ કે તેથી ઉપર ની

સ્થળઃ કક્ષાના વડા ના નામ તથા સહી-સિકા સાથેનો)